# <u>યુનિવર્સિટીએ નક્કી કરેલ જોડાણની શરતો</u>

<u>(સંસ્થા/કોલેજના લેટરપેડ પર પ્રમુખ/ટ્રસ્ટી/આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે સ્થાનિક તપાસ સમિતિ ની મુલાકાત દરમિયાન જમા કરવાની રહેશે)</u>

- **( નવા/ વધારાના/ ચાલુ જોડાણ માટે )**

૧. કોલેજ/સંસ્થા યુનિવર્સિટીએ નક્કી કરેલા ધોરણ પ્રમાણે આચાર્યશ્રી તથા કાર્યભાર અનુસાર જરૂરી સંખ્યા મુજબ શૈક્ષણિક માન્યતા પ્રાપ્ત સ્ટાફની નિમણુંક સત્ર શરૂ થતા પહેલા કરવામાં આવે.

૨. યુનિવર્સિટી તથા યુ. જી. સી.ના નિયમ મુજબ યોગ્ય લાયકાત ધરાવતા આચાર્ય, ગ્રંથપાલ અને આસિસ્ટન્ટ ફીઝીકલ ડાઈરેક્ટર ની નિમણુંક સત્ર શરૂ થતા પહેલા કરવામાં આવે.

૩. કૉલેજમાં પ્રવર્તમાન વિદ્યાશાખાના મુખ્ય વિષય દીઠ ૫૦૦ તથા ગૌણ વિષય દીઠ ૧૫૦ પુસ્તકો અને અનુક્રમે ૧૦૦ અને ૫૦ ના સમાયિકો જોડાણના પ્રત્યેક વર્ષ દીઠ વસાવવામાં આવે.

૪. શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓનો કાર્યભાર, સેટઅપ, પગાર, ઘર ભાડું, પ્રો.ફંડ તેમજ ગ્રેચ્યુઈટીનો સરકારશ્રીના નિયમ મુજબ અમલ કરવામાં આવે અને તેની અન્ય જોગવાઈઓનું યથાર્થ પરીપાલન કરવામાં આવે તેવી લેખિત બાંહેધરી આપવામાં આવે.

૫. યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓ પૈકી કોઇપણ પરીક્ષાનું/ અને અન્ય કાર્યો અંગેનું સંચાલન કૉલેજને સોપવામાં આવશે તો સુચના મુજબ પરીક્ષાના અને અન્ય કાર્યો અંગેના સમગ્ર સંચાલનની જવાબદારી સ્વીકારવામાં આવશે તેવી લેખિત બાંહેધરી આપવામાં આવે.

૬. કૉલેજનું મકાન, ફર્નીચર વગેરેનો ઉપયોગ યુનિવર્સિટી પરીક્ષા માટે કરવામાં દેવામાં આવશે અને પરીક્ષાનું સંચાલન નિયમાનુસાર સુચના મુજબ યોગ્ય રીતે થશે તેવી અલગમાં લેખિત બાંહેધરી આપવામાં આવે.

૭. યુનિવર્સિટી પરીક્ષા દરમિયાન પરીક્ષા ગેરરીતિ અટકાવવા માટે મોકલવામાં આવેલ ઓબ્ઝર્વર ટીમનો વ્યાપક ગેરરીતિનો અહેવાલ હશે તો ઓબ્ઝર્વર ટીમનો સંપૂર્ણ ખર્ચ જે તે કૉલેજ ભોગવાનો રહેશે અને તે બાબતે યુનિવર્સિટીનો જે નિર્ણય થાય તેનો અમલ કરવામાં આવશે તેની લેખિત બાંહેધરી આપવામાં આવે.

૮. કૉલેજમાં ચાલતા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જગ્યાઓની નિમણુંક માટે યુનિવર્સિટી અને રાજ્ય સરકારશ્રી તરફથી અનામતની જે ટકાવારીની જોગવાઈ અનુસુચિત જાતી, અનુસુચિત જનજાતિ તથા અન્ય પછાતવર્ગ, વિકલાંગ વગેરે કેટેગરીના ઉમેદવારો માટે કરવામાં આવી છે તેનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તેની લેખિત બાંહેધરી આપવામાં આવે.

૯. આ અગાઉ વર્ષના જોડાણ માટે મુકેલી શરતો કે જેનુ પરીપાલન કરવાની બાકી છે તેનું સંપૂર્ણ પરીપાલન કરવામાં આવે. ( વર્ષવાર અલગ-અલગ )

૧૦. કૉલેજના એન. સી. સી. ના એક યુનિટ ચાલુ કરવામાં આવે જે યુનિવર્સિટીની મંજુરી સિવાય બંધ કરી શકશે નહિ.

૧૧. યુ. જી. સી. તથા રાજ્ય સરકારશ્રી તરફ થી સ્વનિર્ભર કોલેજો/ અભ્યાસક્રમ સંબંધે જે ધોરણો નક્કી થયા તેનું પણ પાલન કરવાની બાંહેધરી આપવામાં આવે.

૧૨. યુનિવર્સિટી નિયમ કરે તે અભ્યાસક્રમમાં યુનિવર્સિટી/ રાજ્ય સરકારે નિયત કરેલ પ્રવેશ પદ્ધતિ સહિત નિયત ફીના ધોરણો સાથે જ વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૧૩. શ્રી ગોવિદ ગુરૂ યુનિવર્સિટીના એક્ટમાંની હાલની તથા વખતોવખત સુધારા થાય તે સહિતની સ્ટેચ્યુટસ, ઓર્ડીનન્સીઝ, રૂલ્સ, રેગ્યુલેશનની જોગવાઈઓ તેમજ યુનિવર્સિટી દ્વારા અપાતી સુચના અને યુનિવર્સિટીના પરિપત્રોનું પાલન કરવામાં આવે તેની લેખિત બાંહેધરી આપવામાં આવે.

૧૪. કુલસચિવશ્રી કૉલેજ પાસેથી જે કંઈ માહિતી રીપોર્ટ માંગે તે માહિતી નિયત સમય મર્યાદામાં પુરી પાડવાની લેખિત બાંહેધરી આપવામાં આવે.

૧૫. રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના નીચે મુજબના ઠરાવોની જોગવાઈઓનો અમલ કરવાનો રહેશે તથા આ અંગે વખતોવખત બહાર પડતા સુધારા તથા રાજ્ય સરકારશ્રીના અન્ય સંબંધિત ઠરાવોનો પણ અમલ કરવાનો રહેશે.

- યજન-૧૦૨૦૦૧ (૨૮) ખ.૧ તા. ૨૧-૧૨-'૦૧
- યજન-૧૦૨૦૦૧ (૨૮) ખ.૧ તા. ૬-૭-'૦૨
- યજન-૧૦૨૦03 (૨૮૦) ખ.૧ તા. ૧૧-3-'03

૧૬. કૉલેજ સેલ્ફ ફાયનાન્સ (સ્વનિર્ભર) અભ્યાસક્રમ દીઠ રૂ. ૨૦,૦૦૦/- પરીક્ષા કેન્દ્ર માટે વાર્ષિક ધોરણે ભરવાના રહેશે. ત્યારબાદ જ એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ સ્વીકારવામાં આવશે.

૧૭. બી. સી. એ./બી. એસસી.(આઈ. ટી.)ના અભ્યાસક્રમ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કોમ્પ્યુટર્સ, વિધાર્થી પ્રવેશ સંખ્યા મર્યાદા (ઈન્ટેક કેપેસીટી) તથા જરૂરી ધોરણો જાળવવામાં આવે તથા અન્ય અભ્યાસક્રમ માટે પણ જરૂરી વધારાના કોમ્પ્યુટર્સની વ્યવસ્થા કરવામાં આવે.

૧૮. "સંલગ્ન કૉલેજમાં કોમ્પ્યુટર, ફેક્સ તથા ઈન્ટરનેટ સુવિધાના સાધનો અનિવાર્ય પણે વસાવવા" અને યુનિવર્સિટીને ઈ-મેઈલ આઈ.ડી., ફેક્સ નંબરની સત્વરે જાણ કરવી.

૧૯. તમામ પરીક્ષા કેન્દ્ર/બ્લોક **CCTV** કેમરાથી સજ્જ કરવામાં આવે તથા પરીક્ષા દરમિયાન રેકોર્ડીંગ યુનિવર્સિટી માંગે ત્યરે પુરૂ પાડવામાં આવે તેવી લેખિત બાંહેધરી આપવામાં આવે.

૨૦. સરકારશ્રી/યુનિવર્સિટી દ્વારા કાયમી ધોરણે મંજુર થયેલ ડીવીઝન/ઈન્ટેક કેપેસીટી સિવાયના વધારાના ડીવીઝન/ઈન્ટેક કેપેસીટી માટે કોલેજે દર વર્ષે યુનિવર્સિટીની અગાઉથી મંજુરી મેળવી લેવાની રહેશે.

૨૧. આચાર્યશ્રીના મોભાને અનુરૂપ કૉલેજની નજીક ભાડા મુક્ત મકાન તેમને સોપવામાં આવે.

૨૨. કૉલેજનું મકાન, કૉલેજના આચાર્યશ્રીનું મકાન, કૉલેજના છાત્રાલયના ગૃહપતિનું મકાન તથા રમત ગમતના મેદાન માટે ઓછામાં ઓછી પાંચ એકર જમીન, કૉલેજ શરૂ થયાના ત્રણ વર્ષ સુધીમાં સંચાલક મંડળની માલિકીની હોવી જોઈએ.

૨૩. ઓછામાં ઓછા ૫૦ વિધાર્થીઓ સમાવી શકાય તેવી છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૨૪. રેકટરને છાત્રાલય નજીક ભાડા મુદત મકાનની સગવડ આપવામાં આવે.

૨૫. કોલેજે જે વર્ગો શરૂ કરે તે પછીના વર્ષમાં ઉત્તરોતર આગળના ધોરણોના વર્ગો શરૂ કરવાની બાંહેધરી આપવામાં આવે અને જોડાણની શરતોના પરીપાલન સંદર્ભ ઉત્તરોતર વર્ગો શરૂ કરવા યુનિવર્સિટી ના પાડે તો તેમ કરવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવે.

૨૬. નવા જોડાણના વિષયો કે નવી વિધાશાખા શરૂ કરવા માટે જે તે અભ્યાસક્રમ માટે કાર્યભાર અનુસાર શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણુંકની કાર્યવાહી હાથ ધરી અભ્યાસક્રમ-વિષય-વિદ્યાશાખા શરૂ કરવા સંદર્ભે પૂર્વ મંજુરી મળ્યા બાદ જ વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવશે.

૨૭. નવી કોલેજો/ નવો વિષય/ નવી વિધાશાખા શરૂ કરતા પહેલા પૂર્વમંજુરી મેળવવામાં આવે અને સંબંધિત વૈધાનિક સંસ્થાની મંજુરી (NCTE/MCI/BCI/CCH વગેરે) મળ્યા બાદ જ યુનિવર્સિટીને તેની જાણ કરી તે સંદર્ભે વિધાર્થી પ્રવેશની લેખિત મંજુરી મેળવ્યા બાદ જ કૉલેજ શરૂ કરવામાં આવે અને કૉલેજમાં વિધાર્થી પ્રવેશ ની વિધિ કરવામાં આવે.

૨૮. નવી કૉલેજના ટ્રસ્ટ પાસે જોડાણની પ્રાથમિક દરખાસ્ત મળતા પહેલા યુનિવર્સિટીના નિયમ અનુસાર વર્કિંગ ફંડ હોવું જોઈએ જેનો આધાર રજુ કરવામાં આવે.

૩૧. નવી કૉલેજના ટ્રસ્ટ પાસે જોડાણ મેળવતા પહેલા કૉલેજ માટે પોતાનું મકાન હોવું જરૂરી છે. જો મકાન કૉલેજ માટે ન હોય તો કૉલેજ શરૂ કર્યાના વર્ષથી ૩ વર્ષ સુધીની સમય મર્યાદામાં પોતાનું મકાન કરી લેવાની બાંહેધરી આપવાની રહેશે અને આ પેટે નવી કૉલેજના ટ્રસ્ટે તથા કુલસચિવશ્રીના સંયુક્ત નામે નિયમ અનુસાર ફિક્સ ડીપોઝીટ તરીકે મુકવાના રહેશે.

૩૨. નવી કૉલેજના સંચાલક મંડળે અથવા તો નવી વિધાશાખા શરૂ કરતી કૉલેજ યુનિવર્સિટી કાર્યાલયમાં વિધાશાખા દીઠ નિયમ અનુસાર છ વર્ષ માટે સંસ્થાએ ફિક્સ ડીપોઝીટ મુકવાની રહેશે. છ વર્ષ બાદ વ્યાજ સહિત ડીપોઝીટ રીન્યુ કરવાની રહેશે.

૩૨-અ. યુનિવર્સિટી પરીક્ષા દરમિયાન પરીક્ષા ગેરરીતિ અટકાવવા માટે મોકલવામાં આવેલ ઓબ્ઝર્વર ટીમનો વ્યાપક ગેરરીતિનો અહેવાલ હશે તો ઓબ્ઝર્વર ટીમનો સંપૂર્ણ ખર્ચ તથા ગેરરીતિના અટકાવવા માટે ઓબ્ઝર્વર ટીમ દ્વારા લેવામાં આવતા પગલાનો કોઈપણ વિરોધ કરવામાં આવે અથવા ઓબ્ઝર્વર ટીમને શારીરિક કે ભૌતિક નુકશાન થાય તો તે અન્વયે જે તે કૉલેજના આચાર્યશ્રીના અહેવાલને આધારે ઓબ્ઝર્વર ટીમને થયેલ નુકશાનનો ખર્ચ જે તે સંસ્થા/કોલેજે ભોગવવાનો રહેશે તેવી લેખિત બાંહેધરી આપવામાં આવે.

૩૨-બ. ઉપરોક્ત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થાય તેવા સંજોગોમાં યુનિવર્સિટી દ્વારા જે તે સંસ્થાના જોડાણ વિષયક જે પગલા લેવામાં આવે તે બંધનકર્તા રહેશે.

૩૩. કૉલેજનું મકાન/બિલ્ડીંગ/જમીન કૉલેજના નામે અથવા ટ્રસ્ટના નામે અથવા ૯૯ વર્ષના લીઝ દ્વારા નોંધાયેલ હોય જે રજીસ્ટ્ડ થયેલ હોવું જોઈએ અથવા સરકારશ્રી દ્વારા ૯૯ વર્ષના લીઝ પર જમીન પ્રાપ્ત થયેલ હોવી જોઈએ.

૩૪. કૉલેજનું મકાન શૈક્ષણિક હેતુ માટે મંજુર થયેલ હોવું જોઇએ.

૩૫. મુકવામાં આવેલ ફિક્સ ડીપોઝીટ યુનિવર્સિટીની મંજુરી વગર ઉપાડી શકાશે નહિ અને જો ઉપાડવામાં આવશે તો જોડાણ રદ કરવા સુધીના પગલા લઇ શકાશે.

૩૬. અભ્યાસક્રમ વાઈઝ બિલ્ડીંગની સુવિધા રાખવાની રહેશે.

૩૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ન્યુ દિલ્હીના રેગિંગ સંબંધી રેગ્યુલેશનનું ચુસ્તપણે પાલન કરવાની લેખિત બાહેંધરી આપવાની રહેશે.

૩૮. સેક્સ્યુઅલ હેરેસમેન્ટ ઓફ વુમન એટ વર્ક પ્લેસ એક્ટ ૨૦૧૩ અનુસાર જોગવાઈઓનું પાલન કરવાની લેખિત બાહેંધરી આપવાની રહેશે.

૩૯. યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ તમામ પ્રકારની ફી અને ફંડ કૉલેજ દ્વારા જમા કરાવવાની લેખિત બાહેંધરી આપવાની રહેશે.

૪૦. મંજુર કરવામાં આવેલ જોડાણની મંજુરી જે તે વર્ષ પુરતી રહેશે તે વર્ષમાં જો કોઈ પ્રવેશ પ્રક્રિયા કે અભ્યાસક્રમ શરૂ કરવામાં ન આવે તો આપવામાં આવેલ મંજુરી આપોઆપ રદ થઈ જશે અને કૉલેજ/ ટ્રસ્ટે પછીના વર્ષે અભ્યાસક્રમ શરૂ કરવા માટે નવા જોડાણ સ્વરૂપે ફરીથી અરજી કરવાની રહેશે.

૪૧. યુનિવર્સિટી, યુ. જી. સી. અને અન્ય વૈધાનિક સંસ્થાઓ દ્વારા નિયત થયેલ જરૂરી બિલ્ડીંગ, જમીન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય સુવિધાઓ માટે ટ્રસ્ટ દ્વારા જરૂરી નાણાકીય જોગવાઈઓ કરવાની રહેશે.

૪૨. અભ્યાસક્રમમાં પ્રવેશ, ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ફેકલ્ટીની સંખ્યાને આધારે નિયત કરવામાં આવશે.

૪૩. ટ્રસ્ટ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની મંજુરી વગર કૉલેજ બંધ કરી શકશે નહિ અથવા કોઈ પ્રોગ્રામ બંધ નહિ કરી શકે અથવા મંજુર થયેલ ઈન્ટેકમાં કોઈ પણ ફેરફાર કરી શકશે નહિ અને જો તે મુજબ કરવામાં આવશે તો શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ નિર્ણય કૉલેજને બંધનકર્તા રહેશે.

૪૪. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી/ યુ. જી. સી. / રાજ્ય સરકારશ્રીની પૂર્વ મંજુરી વગર કૉલેજ દ્વારા કોઈપણ પ્રકારની સંસ્થા સાથે કોઈપણ પ્રકારના કોલોબ્રેટીવ અભ્યાસક્રમો ચાલુ કરી શકાશે નહિ અન્યથા યુનિવર્સિટીના નિયમ અનુસાર જે પગલા લેવામાં આવે તેની જવાબદારી કૉલેજની રહેશે.

૪૫. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીએ મંજુર કરેલ જગ્યા પર જ કૉલેજ શરૂ કરવાની/ચલાવવાની રહેશે અને કોઈપણ પ્રકારના સ્ટડી સેન્ટર, સેન્ટર અન્ય જગ્યાએ અન્ય સંસ્થા સાથે સંલગ્નતા કરી શકાશે નહિ અન્યથા યુનિવર્સિટીના નિયમ અનુસાર કૉલેજ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

૪૬. કૉલેજના વાર્ષિક હિસાબો અધિકૃત ચાર્ટર્ડ એકાઉન્ટટન્ટ પાસે ઓડીટ કરાવવાના રહેશે અને યુનિવર્સિટી દ્વારા જરૂર જણાયે ઇન્સ્પેકશન માટે ખુલ્લા રાખવાના રહેશે.

૪૭. કોલેજે પોતાની વિવિધ પ્રકારની સંપૂર્ણ માહિતીઓ કૉલેજની વેબસાઈટ પર મુકવાની રહેશે અને તેને સતત અપડેટ કરવાની રહેશે.

૪૮. કૉલેજ દ્વારા પર્સન વિથ ડીસએબિલીટી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જોગવાઈ કરવાની રહેશે.